વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)માંથી **SDRF** તથા રાજ્ય બજેટ હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
હુકમ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૦/૧૮૮/સ-૪
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૦/ ૧૧૧/ ક
(૨) મહેસૂલ વિભાગનો તા.૨૭.૦૪.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3
(૩) મહેસૂલ વિભાગનો તા.૧૮.૦૩.૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.3
(૪) મહેસૂલ વિભાગનો તા. ૧૯.૦૫.૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૨૧/૪૬૮/સ.3
(૫) મહેસૂલ વિભાગનો તા. ૩૦.૦૬.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.3
(૬) મહેસૂલ વિભાગની ફાઇલ ક્રમાંક: CLS/102021/472/S-3 પર તા.૧૬.૦૬.૨૦૨૧ના રોજ મળેલ State Executive Committeeની મંજૂરી.

**હુકમ :**

Tauktae વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ જિલ્લાઓને માંગણી ક્રમાંક: ૭૯, મુખ્ય સદર: ૨૨૪૫ હેઠળના પેટા મુખ્ય સદર-૦૨ (પુર, વાવાઝોડું)હેઠળ નીચેના કોષ્ટકમાં વિગતવાર દર્શાવ્યા મુજબના પેટા સદરોમાં **કુલ રૂપિયા ૫૨૬૧.૩૯ લાખ (અંકે રૂપિયા બાવન કરોડ એકસઠ લાખ ઓગણચાલીસ હજાર પુરા)**ની ફાળવણી **SDRF** અને **રાજ્ય બજેટમાંથી** નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | જિલ્લાનું નામ | બજેટ સદર | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | (૦૨.૧૧૧.૦૧) | | (૦૨.૧૧૧.૦૨) | | (૦૨.૧૦૫.03) | | (૦૨.૧૦૧.૦૪) | | (૦૨.૧૧૩.03) | | (૦૨.૧૧૨.૦૧) | | (૦૨.૧૧૨.03) | |
| | | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C4 | C5 |
| ૧ | આણંદ | - | - | - | - | - | - | - | - | ૧૨૦ | - | - | - | - | - |
| ૨ | સુરત | - | - | - | - | - | - | - | - | ૨૧.૨૭ | - | - | - | - | - |
| ૩ | બનાસકાંઠા | - | - | - | - | - | - | - | - | ૦.૨૫ | - | - | - | - | - |
| ૪ | ભાવનગર | ૩૫૦ | - | - | - | ૫૦ | - | ૪૦૦ | ૧૦ | ૫૦૦ | ૧૦ | - | - | - | - |
| ૫ | વલસાડ | - | - | - | - | - | - | - | - | ૫.૨ | - | - | ૦.૨૫ | - | - |
| ૬ | અમદાવાદ | - | - | - | ૦.૪૨ | - | - | - | - | - | ૧૦ | - | - | - | - |
| ૭ | ગીર સોમનાથ | ૧૦૦ | - | - | - | - | - | - | - | ૩૫૦૦ | - | - | - | - | - |
| ૮ | નવસારી | - | - | ૦.૫ | - | - | - | - | - | ૮૦ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ |
| ૯ | સાબરકાંઠા | - | - | - | - | - | - | - | - | ૧.૫૦ | - | - | - | - | - |
| ૧૦ | અમરેલી | - | - | - | - | ૯૫ | - | - | - | - | - | - | - | - | - |
| સરવાળો | | ૪૫૦ | - | ૦.૫ | ૦.૪૨ | ૧૪૫ | - | ૪૦૦ | ૧૦ | ૪૨૨૮.૨૨ | ૨૨ | ૧ | ૧.૨૫ | ૨ | ૧ |
| કૂલ સરવાળો | | ૫૨૬૧.૩૯ લાખ | | | | | | | | | | | | | |

ઉપરના કોષ્ટકમાં દર્શાવેલ રકમને રાજ્ય બજેટ તથા SDRFમાંથી ફાળવવામાં આવે છે. જેની વહેંચણી નીચે મુજબ છે.

- આણંદ જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૧૨૦.૦૦ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે.
- સુરત જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૨૧.૨૭ લાખમાંથી રૂ.૧૦,૬૧,૧૦૫ રાજ્ય બજેટમાંથી અને રૂ.૧૦,૬૫,૧૪૦ SDRF માંથી ફાળવવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૦.૨૫ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે.
- ભાવનગર જિલ્લાને ઘરવખરી સહાય(૦૨-૧૦૧-૦૪)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૪૦૦.૦૦ લાખમાંથી રૂ.૧૫૦.૦૦ લાખ તથા મકાન ઝુંપડા સહાયમાં(૦૨-૧૧૩-૦૩) સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ

રૂ.૫૦૦.૦૦ લાખમાંથી રૂ.૩૦૦.૦૦ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે અને બાકી રહેલ ગ્રાન્ટ SDRF માંથી ફાળવવામાં આવે છે.

- વલસાડ જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૫.૨૦ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે..
- અમદાવાદ જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૫ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૧૦ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે.
- ગીર સોમનાથ જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૩૫૦૦.૦૦ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે.
- નવસારી જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨-૧૧૩-૦૩)માં સી.૪ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૮૦.૦૦ લાખ તથા સી.૫ ઓબજેક્ટ ક્લાસે દર્શાવેલ રૂ.૨.૦૦ લાખ રાજ્ય બજેટમાંથી ફાળવવામાં આવે છે.
- નવસારી જિલ્લાને માનવ મૃત્યુ (૦૨.૧૧૧.૦૨) ટ્રાન્સપોર્ટ ચાર્જ (૦૨.૧૧૨.૦૧) અને અસરગ્રસ્ત/હિજરતી લોકોને હંગામી રહેવાની જગ્યા, આહાર, કપડાં, તબીબી સહાય માટે જોગવાઇ (૦૨.૧૧૨.૦૩) અને સાબરકાંઠા જિલ્લાને મકાન ઝુંપડા સહાય(૦૨.૧૧૩.૦૩) તથા અમરેલી જિલ્લાને પશુ મૃત્યુ સહાય (૦૨.૧૦૫.૦૩) સદરે ગ્રાન્ટ SDRF માંથી ફાળવવામાં આવે છે.

**શરતો:-**

- માંગણી ક્રમાંક :૭૯, મુખ્ય સદર : ૨૨૪૫-૦૨-૧૧૧-૦૧(કેશ ડોલ્સ)અંગેની સહાય વંચાણે લીધેલ ક્રમ (૪)પર જણાવેલ તા.૧૯.૦૫.૨૦૨૧ના ઠરાવ મુજબ રોકડેથી ચૂકવવાની રહેશે, અન્ય તમામ સદરોની સહાય વંચાણે લીધેલ ક્રમ (૫)ના ઠરાવની જોગવાઇ મુજબ DBT અથવા PFMS મારફતે જ ચૂકવવાની રહેશે.
- આ હૂકમથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટની લાભાર્થીઓને ચૂકવણી કરતી વખતે વંચાણે લીધા (૨)ની જોગવાઇઓ/શરતોનું પાલન કરવાનું રહેશે.
- ફાળવેલ ગ્રાન્ટ અંગેના વપરાશનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- આ હુકમથી ફાળવવામાં આવેલ SDRF હેઠળની ગ્રાન્ટ તથા અન્ય યોજના હેઠળની ગ્રાન્ટ સાથે બેવડાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે.
- આ હુકમથી ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ કરનાર અધિકારીશ્રીઓને જવાબદાર ગણવામાં આવશે. ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ મોડામાં મોડા ચાલુ નાણાકીય વર્ષની ૧૦મી માર્ચ સુધીમાં પૂર્ણ કરી અત્રે જાણ કરવાની રહેશે. જે અંગેની જાણ નહીં કરવામાં આવે તો ગ્રાન્ટ ૧૫ મી માર્ચે પરત મેળવી લેવામાં આવશે
- આ અંગેના તમામ હિસાબો રાહત નિયમકની મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કચેરીના હસ્તકની આર.એ.સેલને નિભાવવાના થતા હોઇ,કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં રાહત નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરને અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,
કલેકટરશ્રી,
આણંદ, સુરત, બનાસકાંઠા, ભાવનગર, વલસાડ, અમદાવાદ, ગીર સોમનાથ, નવસારી, સાબરકાંઠા, અમરેલી.

**નકલ રવાના :**

- એકાઉન્ટન્ટ જનરલશ્રી ,અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલશ્રી,ઑડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઑડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ

- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ, સુરત, બનાસકાંઠા, ભાવનગર, વલસાડ, અમદાવાદ, ગીર સોમનાથ, નવસારી, સાબરકાંઠા, અમરેલી.
- સેકશન અધિકારીશ્રી(સ-૩) શાખા તરફ જાણ સારૂ.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકશ્રીની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ